નં. ટીપીડી/૨૭૧૭
તા.૪-૦૭-૨૦૦૫

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪, સચિવાલય,
ગાંધીનગર.

વિષય:-મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૦ (વેડ-કતારગામ) નો ઈરાદો જાહેર કરવા બાબત.

સંદર્ભ:-ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ-૧૯૯૯ ની કલમ-૪૧(૨)

મહાશય,

મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૫૦ (વેડ-કતારગામ) તૈયાર કરવાનો ઈરાદો અત્રેની નગર નિયોજન સમિતિના તા. ૧૮-૦૬-૨૦૦૫ ના ઠરાવ નં. ૨૭/૨૦૦૫ થી જાહેર કરવામાં આવેલ. જે અંગેનું અધિસુચન સરકારી રાજયપત્રમાં તા. ૨૪-૦૬-૨૦૦૫ ના સેન્ટ્રલ સેકશન પાર્ટ-૨ અસાધારણના પાના નં.૩૧૩-૩૧૪ માં પ્રસિધ્ધ થયેલ છે. જેની નકલ નં.૧ આ સાથે સામેલ છે. વધુમાં, સદર અધિસુચન સ્થાનિક દૈનિકપત્રો (૧)ગુજરાત મિત્ર (૨) ગુજરાત સમાચારમાં તા. ૩૦-૦૬-૨૦૦૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર દૈનિકપત્રોની એક એક નકલ તથા સ્કીમની હદ દર્શાવતા નકશાની નકલ તથા ગેઝેટની નકલ આ સાથે સામેલ કરેલ છે, જે આપશ્રીને વિદિત થવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(જે. એમ. પટેલ)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ

બિડાણ:- ઉપર મુજબ

નકલ સા. રવાના :- મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ભોંયતળિયું તથા બીજો માળ, બ્લોક નં. ૧૪,જુનું સચિવાલય, ગાંધીનગર પ્રતિ.... જાણ સારૂ